**વિષય :—સાયફનના એપ્રોચનું માટીકામ ચોમાસા દરમ્યાન તૂટી ના જાય એ તે માટે તેની જાળવણી કરવા બાબત**

**ગુજરાત સરકાર, સિંચાઈ વિભાગ, પરિપત્ર ક્રમાંક પી. સી. એમ. ઈ. -૧૦૮૩/૯ / પી. સચિવાલય, ગાંધીનગર. તારીખ ૨૮મી જૂન ૧૯૮૩.**

તાજેતરમાં એક કિસ્સામાં તપાસ કરતાં સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે, એક માઈનોર ઉપર બાંધવામાં આવેલ સાયફનના એપ્રોચના માટીકામ ચોમાસામાં વારંવાર તૂટી જવાના કારણે બાગાયતદારો સિંચાઈ માટે સમયસર પાણી મેળવી શકયા ન હતા અને તેઓને ઘણી જ અગવડતા ઉભી થઈ હતી.

ઉપર જણાવેલ બનાવનું પુનરાવર્તન અટકાવવા તથા સિંચાઈનું પાણી વિના અવરોધે અને સમયસર મળી રહે તે માટે નહેરો ઉપરના સાયફનના એપ્રોચનું માટીકામ ચોમાસા દરમ્યાન તૂટી જવાના કે ધોવાણ થવાના કિસ્સાઓ ના બને તે માટે સતત તકેદારી રાખીને મોસમની સિંચાઈ શરૂ કરતા પહેલાં જે તે બાંધકામની અગાઉથી તપાસ કરી લેવી જરૂરી છે.

સિંચાઈ વિભાગના તમામ અધીક્ષક ઈજનેરશ્રીઓને / કાર્યપાલક ઈજનેરશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે, નહેરની સિંચાઈ વ્યવસ્થા જાળવતા કર્મચારીઓ તથા અધિકારી દ્વારા પ્રત્યેક સિંચાઈ મોસમમાં સિંચાઈ શરૂ કરતાં પહેલા નહેરો ઉપરના સાયફનના એપ્રોચના માટીકામ અને બાંધકામની બરાબર તપાસ કરી લેવી તથા સમયો-સમય તેની મરામત અને જાળવણી રાખવાની જરૂરી વ્યવસ્થા ગોઠવવી કે જેથી બાગાયતદારો નહેરોનાં પાણીની સગવડથી વંચિત રહી જાય નહીં અને તેમની અગવડતાઓ ઉભી થાય નહીં.